

હું જો કોઈ શુભ ભાવનાઓનું બીજ બની શકું
તો સંસારના ધૂળમાટીના ક્યારામાં રોપાઈ જાઉં
અને ટાઢ–તડકો સહન કરી, એક મહાવૃક્ષ બની,
સંસારયાત્રીઓને સદ્‌ભાવનાનાં મીઠાં ફળ આપું !

–ચિત્રભાનુ

# દિવ્યદીપ

## પાગલ

પાગલખાનાનાં કેટલાક વિભાગમાં દીવા નથી રાખતા કારણ કે એમાં વસતા પાગલોને ચિત્તભ્રમના કારણે એકના અનેક દીવા દેખાય. એક રાત્રિએ પાગલખાનામાં આગ લાગી, જ્વાળાઓ વધી રહી હતી. ઉપલા માળે રહેનારાં પાગલો નાચી ઊઠ્યા: 'વાહ ! આનું નામ દિવાળી.'

નીચેથી બચાવનારા બૂમો પાડી રહ્યા હતા. 'બારીમાંથી કૂદી પડો, અમે તમને આ કપડાની ઝોળીમાં ઝીલી લઇશું.' પણ પાગલો એકબીજાને તાળી દેતાં કહી રહ્યા: "આજે આટલા વર્ષે દીવાઓની મહેફિલ થઈ અને એને મૂકી અમે નીચે ઉતરીએ એવા પાગલ નથી ?"

ઘણા એમ જ કહે છેઃ 'આટલા વર્ષોના શ્રમ પછી શરાબ અને સુંદરી, સત્તા અને શ્રીમંતાઈ, શેખાઇ અને સૌંદર્યની મહેફિલ જામી છે એનો ત્યાગ કરીએ એવા અમે પાગલ નથી.'

– ચિત્રભાનુ

વર્ષ : ૭
અંક : ૭
જાન્યુઆરી

# વ્યક્તિમાં સમષ્ટિ

માનવહૃદય મનને પુષ્ટ કરે એવું કંઈક શોધે છે અને આ શોધ એને સંતને દ્વારે પણ લઈ જાય છે.

શ્રી ઘનશ્યામદાસજી બિરલા પૂ. ગુરુદેવ ચિત્રભાનુ પાસે બીજી વાર આવ્યા અને એમનાથી સહેજે પૂછાઈ ગયું: ગુરુજી! અમે તો આપના જીવનમાંથી, આપના વિચારોમાંથી પ્રેરણા મેળવીએ છીએ. પણ આપ પ્રેરણા ક્યાંથી મેળવો છો? અને આપ પ્રાર્થના કોની કરો છો?

પૂ. ગુરુદેવે પ્રસન્ન આંખો એમના પર ઢાળતા કહ્યું: "મારી પ્રાર્થનામાં કેન્દ્રસ્થાને વીતરાગ છે, અરિહંત છે. હું વ્યક્તિનું ચિંતન નહિ એનામાં રહેલા સદ્ગુણોનું ચિન્તન કરું છું. વ્યક્તિનું ચિન્તન માણસના મનને મર્યાદિત બનાવે છે, જ્યારે સદ્ગુણ અનન્ત હોવાથી એના ચિન્તનની પાંખે ઊડતા મનને પણ અનન્તતાનો સ્પર્શ થાય છે. અનન્તનું ધ્યાન ધરતાં ધરતાં ચૈતન્ય પોતાના અનન્ત ગુણની અનુભૂતિ કરી અનન્તતાને અનુભવે છે.

"એટલે જ પ્રાર્થનામાં કોઈ વ્યક્તિ વિશેષને ન લેતાં હું ચૈતન્યના સ્વભાવનો, એના મૂળ ગુણોનો આધાર લઈ સ્વભાવમાં મગ્ન બનું છું."

પૂ. ગુરુદેવના વિચારોની વિશાળતા જોતાં શ્રી બિરલાજી બોલી ઊઠ્યા: આજે દેશમાં માનસિક પતન degradation આવ્યું છે, મનુષ્યના જીવનમાં કોઈ ઉદ્દાત હેતુ ન હોવાથી એ નાની વસ્તુઓ માટે ઝઘડે છે, અને આવા ઝઘડાઓ સર્વત્ર અશાંતિ ઊભી કરે છે અને હિંસાને વેગ આપે છે. આપના જેવા વિચારકોની દેશમાં ઘણી જરૂર છે. વિચારોનું પરિવર્તન જ નવજીવનનો પ્રકાશ લાવશે. તો આપ વિશ્વમાં ઘૂમી આ બગડતી હવાને આપની પ્રતિભાથી અને પ્રવચનથી શુદ્ધ ન કરો? આપનું જ્ઞાન તો માનવમાત્ર માટે સ્વાસ્થ્યદાયક છે.

પૂ. ગુરુદેવના મુખ પર સ્થિતપ્રજ્ઞનું સ્મિત હતું. એમણે હૃદયસ્પર્શી ટૂંકો ઉત્તર આપ્યો. "પવન, પ્રકાશ, પાણી અને વાણી એ કોઈ સમાજ કે વ્યક્તિ માટે જ નહિ, સમષ્ટિ માટે ઉપયોગી છે. અને એનો ઉપયોગ કેમ કરવો તેનો વિચાર હું કરું તેના કરતાં કુદરત વધારે કરે છે. અને એ બળવાન પ્રકૃતિ પ્રેરણા આપશે ત્યારે એનો વેગ અને વિસ્તાર કોઈ જુદો જ હશે."

આ અહંરહિત ઉત્તરથી પ્રસન્ન થયેલા સર્વ ધર્મ પ્રત્યે જેમણે આદર કેળવ્યો છે એવા જ્ઞાનવૃદ્ધ અને વયોવૃદ્ધ બિરલાજીએ પૂછ્યું: ભારતીય સંસ્કૃતિ અને જુદા જુદા ધર્મો વિશે આપ શું માનો છો? અને આપ કયા સદ્ગુણો પર વધારે ભાર આપો છો?

"ભારતીય સંસ્કૃતિ એ તો એક સુંદર ઉપવન છે. એમાં ભિન્ન ભિન્ન ધર્મો એના છોડ છે. દરેક છોડની પોતાની વિશિષ્ટતા છે. એમાંથી મનગમતા ફૂલની સુવાસ ફેલાવવી એ માળીનો આનન્દ છે. મને અહિંસા અને અનેકાન્તનાં ફૂલો ગમે છે. હું એમાં મારો આનન્દ શોધું છું. એ ખુશબુને સર્વત્ર લઈ જનારને કોણ રોકનાર છે? કુદરતનો પવન ઉપાડે તે માર્ગે પાનડાને પ્રયાણ કરવું જ પડે ને?"

શ્રી જી. ડી. બિરલાની સાથે તેમના ભાવનાશીલ પુત્ર શ્રી બસંતકુમાર અને વિદૂષી પુત્રવધુ સરલાબહેન પણ દર્શને આવ્યાં હતાં. નાની-મોટી અનેક સમજણભરી અને સંવાદમય વાતોથી વાર્તાલાપ એક મનનીય આહ્લાદ બની ગયો.

— કુ. વત્સલા અમીન

# ✻ આતમની ઓળખ ✻

(થાણાથી વિહાર કરતાં કરતાં પૂ. ગુરુદેવ ચિત્રભાનુ મહારાજશ્રી ઘાટકોપર પધાર્યા અને ઘાટકોપરના શ્રી જિરાવલી પાર્શ્વનાથ સંઘના ટ્રસ્ટીઓની વિનંતી સ્વીકારી તા. ૨૨-૧૧-૭૦ ના રોજ "આતમનાં અજવાળાં" ઉપર પૂ. ગુરુદેવે ઉપાશ્રયની વિશાળ માનવમેદની સમક્ષ આપેલ પ્રવચનની નોંધ).

એક સિંહબાળ જંગલમાં ફરી રહ્યું હતું, ત્યાં એણે તલવાર, બંદૂક અને ભાલાથી સજ્જ એવું મોટું લશ્કર પસાર થતું જોયું. સિંહબાળ ડરી ગયું, એને થયું કે આ બધા મને મારવા આવે છે એટલે ગુફામાં ઘૂસી ગયું અને સિંહણના ખોળામાં લપાઈ ગયું.

ધ્રૂજતા, કાંપતા બાળને જોઈને સિંહણે પૂછયું: મારા બાળને આવું ડરવાનું હોય? તારા શરીરમાં આ ધ્રૂજારી શાની? બાળે કહ્યું: મા, તું સામે જો. મને એકને મારવા કેટલા બધા માણસો ભાલા અને તલવારો લઈને આવી રહ્યા છે.

સિંહણ અનુભવી હતી, બોલી: "પાગલ! આ લશ્કર તને મારવા નથી આવતું પણ પોતાના જાતભાઈને મારવા જઈ રહ્યું છે!"

એક પ્રાંતનું લશ્કર બીજા પ્રાંતના લશ્કરને મારે, એક દેશનું લશ્કર બીજા દેશના લશ્કરને મારે, એક ધર્મના માણસો બીજા ધર્મ પર હુમલો કરે.

સિંહબાળને નવાઈ લાગી: "મા, શું એક દેશના માણસો બીજા દેશના માણસોથી જુદાં હોય? શું એમની ભાષા, વેષ, રીતરિવાજ જુદાં એટલે મારી નાખવાના? આપણે આપણા જાતિભાઈને કયાં મારીએ છીએ?"

માણસની જાતિ જૂદી નથી પણ એની ભાષા, વેષ, રીતરિવાજો, માન્યતાઓ જુદાં છે, અને જુદાં છે એટલે જ એ જાતિભાઈને મારવા નીકળે છે.

આજે લોકોને મન માનવતા કરતાં માન્યતાની મહત્તા વધારે છે. જો એને માનવતાની કિંમત હોત તો આટલાં લશ્કર, આટલાં હથિયારો, આટલા બોમ્બોનો સંગ્રહ અને આ બધા ઉપર ખરચાતાં અબજો રૂપિયા, આ બધું બની શકે ખરું?

જ્યાં સુધી સહનશીલતા (tolerance) નહિ આવે, એકબીજાનાં વિચારોને સ્નેહથી સહન કરવાની, એકબીજાની માન્યતાઓને સમજવાની, એકબીજાનાં મંતવ્યોને આદર આપવાની ઉદારતા નહિ આવે ત્યાંસુધી માનવજાત સુખી નહિ થાય.

જો મકાન બાંધશે તો ભાડૂતોના ઝઘડા થવાના, સોસાયટી બાંધશે તો મેમ્બરોના ઝઘડા થવાના, ઘરમાં રહેશે તો સ્વજનો સાથે ઝઘડા થવાના, શેરીમાં પડોશી સાથે ઝઘડા થવાના, ગામમાં જાતિ, કોમ, ભાષાના નામે લઢવાના અને મંદિરો બાંધશે તો મંદિરના નામે, માન્યતાના નામે, આગળ વધીને ભગવાનના નામે પણ લઢવાના. કોઈ પણ રીતે લઢવાના તો ખરા જ. કારણ કે લઢવું એ એના સ્વભાવમાં પડયું છે. લડે નહિ તો એને ચેન નહિ પડે. મારા ભગવાન આવા અને તારા ભગવાન તેવા.

એને પૂછો કે "ભાઈ! તું કેવો?" "હું, હું તો થર્ડ કલાસ (3rd class)" ભગવાન ફર્સ્ટ કલાસ (1st class) અને પોતે થર્ડકલાસ. મારા ધંધાને અને ભગવાનને કાંઈ લાગે વળગે નહિ. હું બધું કરી શકું. મટકાનો ધંધો, છીંપ મારીને મોતીનો ધંધો, ટેલોનો ધંધો, છતાં મારો ધર્મ મોટો, ભલે મારો ધંધો ખોટો! ભગવાન અને ધર્મ જીવન સુધારવા માટે નથી, એ બધાં તો બડાઈ મારવા માટે છે.

આ માન્યતાઓના નામે લોકો લઢવાના અને આ લડાઈ કયાં નથી? દેશમાં છે તો ઘરમાં પણ છે. આજે દેશનો, વિશ્વનો, પૈસો વધારે ખરચાતો હોય તો સર્જન (construction) નહિ પણ સંહાર (destruction) ઉપર.

વિચાર કરો: આ વિશ્વયુદ્ધનું બીજ કયાં છે?

તમે નાની વાત માટે સુલેહ કરવા તૈયાર નથી તો વિશ્વના બળવાન દેશો મોટી વાત માટે સુલેહ કરવા કયાંથી તૈયાર હોય ?

માટે જ દુનિયામાં જે બની રહ્યું છે એના આપણે પણ ભાગીદાર છીએ.

એક શેરવાળો પણ મોટી કંપનીનો ભાગીદાર છે. આજે માનવજાત સરહદ ઉપર એકબીજાને રહેંસવા તૈયાર થઇને બેઠી છે. સરહદ ઉપર સામસામા મોરચા તૈયાર છે તો તમારા ઘરમાં પણ મોરચા તૈયાર નથી ?

જેઠાણી–દેરાણી, ભાઇ–ભાઈ, સાસુ–વહુ, બાપ–દીકરો, બધાં વાટ જોઇને જ બેઠા હોય. આખા અઠવાડિયામાં શું બન્યું તેનું લિસ્ટ તૈયાર જ હોય, રવિવાર આવે અને સવારથી શરુ કરે. તમારે ઓફીસે જવાનું નથી એટલે ઘરે આ રીતે તમને પૂરતું કામ મળી રહે ! તમારો રવિવાર ભલે બગડે પણ તમે નવરા ન રહી શકો !

ઉપાશ્રયો અને મંદિરોમાં પણ એજ તૈયારી! પર્યુષણ પર્વ (spiritual holiday) આવે અને જૂના ચોપડાં કાઢે. પછી ધર્મસ્થાનોમાં બોલાચાલી થાય. કયારેક કોર્ટે પણ જાય. આત્માની શાંતિને બદલે અહંની અશાંતિ જ જોવા મળે.

પહેલાં સાત દિવસ લઢે પછી છેલ્લે દિવસે કહે 'મિચ્છામિ દુક્કડમ્' ચાલો, નવા વર્ષમાં લઢવાની છૂટ મળી ગઇ.

આ તો પહેલાં ખૂબ ખાવું પછી પેટ બગડે તો જુલાબ લેવો. આજે કોઈ શાંતિથી બેસીને વિચાર કરવા તૈયાર નથી કે હું કયાં જઈ રહ્યો છું.

જે માનવે હૉસ્પિટલ, ધર્મસ્થાન અને સદાવ્રતની પરબ માંડીને સમાજનું ભલું કર્યું છે એ એની ભલાઇની સાથે એની માન્યતાને નામે લડીને ત્રાસ પણ એટલો જ વર્તાવે છે. માન્યતાની પક્કડ મોટામાં મોટી ખતરનાક વાત છે.

"મારી માન્યતા દુનિયાએ માનવી જ જોઈએ. મેં જે વિચાર સ્વીકાર્યો તે સહુથી સારોજ હોય. આ રીતે સહુ પોતાની માન્યતાઓને બીજા ઉપર લાદવા અને ગળું દાબીને બેસાડવા તૈયાર થયા છે પણ કોઈ જ વિચાર કરવા માગતો નથી."

કોઇ શાન્તચિત્તે વિચારે છે ખરું કે મારી જિંદગીનાં આટલાં વર્ષો દુનિયાના ઝઘડામાં, મારાતારામાં, રાગદ્વેષમાં અને માન્યતાઓની પક્કડમાં ખરચી નાખ્યાં, એ વર્ષો, એ દિવસો કેટલા કિંમતી હતાં!

માણુસ મરવા પડે તો ડૉકટર એક દિવસ પણ જીવન વધારી શકતો નથી. કરોડો રૂપિયા આપો તો પણ. તાશ્કેન્તમાં જતા શ્રી શાસ્ત્રીજીના પ્રાણને દિલ્હી પહોંચે ત્યાંસુધી વધારવા, extend કરવા કોઈ શકિતમાન નહોતું.

બધાનું વળતર (compensation) આપી શકાય પણ જીવનનું વળતર (compensation) કયાંથી આપી શકાય ? એવી અમૂલ્ય આ જિંદગી છે.

જે કલાકો હું કંજૂસાઈથી વાપરું છું એ તમે છૂટા હાથે વાપરો છો! જે દિવસો લુંટાઈ ગયા એનો મને અફસોસ છે એનો તમને ન અફસોસ છે, ન પશ્ચાતાપ છે! તમારી ઉદારતાની તો હદ થઇ! તમારા કલાકો, દિવસો, મહિના અને વર્ષો તમે વેરઝેરમાં છૂટા હાથે વાપરી શકો છો ! ધન્ય છે તમને! ખૂબીની વાત છે કે રોજ શાસ્ત્રો વાંચો, રોજ સાધુઓને સાંભળો અને રોજ મોટેથી ગાઓ અને છતાં આ હાલત ! આ કટુતા ?

જે રોજ બોલો છો એનો કદી અનુભવ કર્યો છે ? એમ કદી કહ્યું કે આ મારો આખો મહિનો આનંદની પરાકાષ્ટામાં પૂર્ણ થયો છે ! મેં મારામાં પરમ ચૈતન્યનું અધિષ્ઠાન કરાવ્યું છે !

નથી કહી શકતા, કારણ કે તમને તમારા જીવન કરતાં તમારી માન્યતા વધારે મહાન લાગી છે. તમારા કલ્યાણ કરતાં બીજાને સુધારવાની લગન તમને વધારે લાગી છે ! હું સારો થાઉં કે ન થાઉં પણ બીજો સારો કેમ ન થાય? વાહ ભાઈ! તું તો બહુ પરોપકારી! રાત દિવસ તું ચિંતામાં કાઢે છે–પોતાની નહિ, પારકાની જ.

પોતે પાન ખાઈને રસ્તામાં પિચકારી મારે તેનો વાંધો નહિ પણ એનો છોકરો એમ કરે તો લઢવા જ બેસે. કોઈ પૂછે તો કહે કે હું પાન શોખ ખાતર ખાઉં છું પણ પેલો અનાડી જ છે, રોજ ત્રણ વાર ખાય છે.

ભાઈ, તું દિવસમાં બે વાર અનાડી તો પેલો ત્રણ વાર અનાડી ! અનાડીના બે પ્રકાર જ છે ને?

શું માનવજાત પોતાને સુખી કરવાનો વિચાર જ નથી કરતી ? એનો વિચાર અને એનો પ્રયત્ન પોતાને સુખી કરવા નહિ પણ પોતાના અહં (ego) ને મોટો કરવા તરફડિયાં મારે છે.

તમારો રાત દિવસનો પ્રયત્ન, તમારી ઝંખના શું છે? મારો અહં કેમ સુખી થાય, મારો અહં કેમ વિરાટ enlarge થાય, દુનિયામાં મારા અહંને કેમ અગ્રસ્થાને મૂકી શકાય !

આ ધૂનમાં ને ધૂનમાં આત્માને નિન્દા અને ઈર્ષાની આગમાં પણ લઈ જાય. અહંને આગળ લાવવા માટે કાળા ધોળાં કરવા પડે તો એ માટે પણ તૈયાર થઇ જાય. અહંને મોટાં અક્ષરમાં મૂકવા પૈસા આપવા પડે તો કહે : લઇ જાઓ; અહંને શિખરના ઇંડાં પર મૂકવા લોકો લાખો ખર્ચે છે ને ?

આ અહંને મોટો (enlarge) કરવા માણસ સર્વસ્વ આપવા તૈયાર છે, પણ એ એમ નહિ વિચારે કે જિંદગીનાં છેલ્લા વર્ષો અહં માટે નહિ પણ સોહં માટે વાપરું, પ્રસિદ્ધિ માટે નહિ પણ આત્માની સિદ્ધિ માટે વાપરું, ખોટી વાહવાહ કહેવડાવવા માટે નહિ પણ સેવા માટે વાપરું.

આમ જો વિચાર કરે તો ધનવાનો કેટલાય ભૂખ્યાને ભોજન આપી શકે, નગ્નને વસ્ત્ર આપી શકે અને અણસમજને સમજણનો ટેકો આપી શકે.

પણ એ તો કહે : નહિ આત્માને કોણે જોયો છે? મેં તો અહંને જોયો. એ અહંને મોટો કરવા, enlage કરવા મેં મારા આટલાં વર્ષો કાઢયાં.

આવો માણસ ઉપાશ્રયે જાય તો લોકોને જણાવવા કે હું કમઅક્કલ નથી, હું તો મહારાજ જોડે તત્ત્વજ્ઞાનની ચર્ચા કરવા પણ તૈયાર છું. એમાં પણ અહં જ છે.

કેટલાક કહે : અમારે ચર્ચા કરવી છે.

તત્ત્વજ્ઞાન એ ચર્ચાનો નહીં, એ તો જીવવાનો વિષય છે. આ રાજકીય Politics નથી કે એક બોલે એટલે બીજો તોડી નાખે. આવું તો રાજકીય વિષય કે પછી કોર્ટમાં જોવા મળે.

ધર્મ એ ચર્ચાનો વિષય નથી, એ તો જીવવાની વાત છે.

દૂધપાક ઉપર ચર્ચા કરે કદી દૂધપાકનો સ્વાદ મળ્યો છે ખરો? એને મોઢામાં નાખો તો જ એનો સ્વાદ સમજાય.

ધર્મ એ અહંને પોષવા માટે નથી પણ અહંને ગાળવાનો કિમીયો છે. આત્મિક જાગૃતિ વિનાનો માનવી ગમે ત્યાં જાય પણ એનો અહં તો સાથે જ જાય.

આ અહંનો વાયરો ઠેઠ મંદિરમાં પણ હોય. હું આ મંદિરનો ટ્રસ્ટી છું, મારે માટે માણસોએ તૈયાર રહેવું જોઈએ. એક ધૂપસળી આપે, બીજો ચામર આપે...મંદિરમાં ભગવાન મુખ્ય નથી પણ

પોતે મુખ્ય છે. શું તમારો અહં તમને જ છેતરી રહ્યો નથી ?

જ્યારે તમે તમારા અહંકારને તમારાથી જૂદો પાડો ત્યારે જ આતમની ઓળખ થાય છે. તમે તમારામાં બે ને જુઓ – એક પર, બીજો સ્વ. અહં પર છે, આત્મા સ્વ છે. પરના આધિપત્યથી સ્વનું સામ્રાજ્ય નિર્બળ થયું છે.

આ ચાવી જડી પછી તમે સદા સુખી. દુનિયામાં એવી કોઈ તાકાત નથી જે તમને દુઃખી કરી શકે, એવી કોઈ વસ્તુ નથી જે તમને તમારા સ્થાનમાંથી હલાવી શકે.

એક ગુરુ પાસે રાજકુમાર, નગરશેઠનો પુત્ર અને સાધક–ત્રણે ભેગા થઈ ગયા.

ગુરુએ રાજકુમારને પૂછયું : 'કોણ છો તમે?'

રાજકુમાર મનમાં હસી પડ્યો : 'આ મહારાજ કેટલા ભલા છે, કેવા અજ્ઞાની છે કે હું કોણ છું એટલું ય આ જાણતા નથી !'

જાણે નહિ એટલે અજ્ઞાની જ ને ?

બિચારા મહારાજોએ તો લિસ્ટ રાખવું જોઈએ કે આ ગામમાં પૈસાવાળા કેટલા ? મને પાટ ઉપર બેસાડનારા કેટલા ? મને ઊઠાડનારા કેટલા ? મારી સામે આકરા થઈ બોલી શકે એવા આગેવાનો કેટલા ?

સાધુનું જ્ઞાન, એમની આવડત, એમની સાધના આવા આગેવાનોને મન કાંઈ જ નથી!

એને મન તો તમે એને જાણતા નથી એટલે અજ્ઞાની છો.'

બાજુમાં બેઠેલો નગરશેઠનો દીકરો બોલી ઊઠયો : 'મહારાજ ! આપ જાણતા નથી કે આ કોણ છે ? જે ગામમાં તમે વીસ દહાડાથી' રહો છો એ ગામના ધણીનો આ દીકરો !

ગુરુ હસી પડયા : 'એમ !'

પછી નગરશેઠના દીકર.ને પૂછયું : 'તમે ?'

'મહારાજ ! વીસ દહાડાથી જેના રોટલા ખાઓ છો, જેના ઉપાશ્રય-મકાનમાં રહો છો, એ નગરશેઠનો હું પુત્ર છું.'

'ઓહો ! તમે નગરશેઠના દીકરા. બોલો, તમે બન્ને કેમ આવ્યા ?'

'મહારાજ ! આ બાજુ ફરવા નીકળ્યા હતા એટલે અહીં આવી ચઢ્યા.'

એમ જ આવ્યા હતા ? જેમણે મહારાજને રાખ્યા, ગોચરી આપી, કપડાં આપ્યાં, ઓચ્છવ કર્યો એમનું સ્થાન શ્રેષ્ઠ હોવું જ જોઈએ. મહારાજ પાસે શ્રેષ્ઠ સ્થાન મળે તો એમની પ્રતિષ્ઠા (reputation) સમાજમાં અને ગામમાં પણ વધે ને ?

ગુરુએ વળીને ત્રીજાને પૂછયું : 'તમે કોણ છો ?'

એ જુદી દૃષ્ટિથી આવ્યો હતો એણે ઉત્તર ન આપ્યો, ઢીલો થઈ ગયો.

'ભગવાન ! હું કોણ છું એ જો હું જાણતો હોત તો તમારી પાસે શું કરવા આવત ? આપને શ્રમ શું કરવા આપત ? હું મને જ ભૂલી ગયો છું. હું મમતામાં, માયામાં, સંસારના વેરઝેરમાં એવો અટવાઈ ગયો છું કે હું સ્વને જ ભૂલી ગયો છું.

'કૃપા કરીને બતાવો કે હું કોણ છું ? મારું સ્વરૂપ શું છે ?

'હું કોણ ? જેનું વિસ્મરણ થયું છે એનું સ્મરણ કરાવવા આવ્યો છું.'

જ્યારે તમારા મગજની શકિત ઓછી થઈ જાય છે ત્યારે તમે ડૉકટર પાસે જાઓ છો. ડૉકટર (treatment) સારવાર લેવાથી ઓછી થયેલી સ્મૃતિ તાજી થાય છે. ડૉકટર નવી સ્મૃતિ નથી આપતો, જે છે તે જ તાજી કરે છે.

જ્યારે તાકાત ઓછી થાય છે ત્યારે ડૉકટર નવી તાકાત નથી આપતો પણ તમારી તાકાત ઉપર આવેલ આવરણને દૂર કરે છે. તમારું જ સ્વાસ્થ્ય તમને પ્રાપ્ત થાય છે, health restore કરે છે.

તમારામાં રહેલી શકિતનો પ્રવાહ જે કારણથી બંધ થયો હતો તે કારણ ડૉકટર દૂર કરે છે અને શકિતનો પ્રવાહ પાછો વહેવા માંડે છે. તમારામાં ન જ હોય તો દુનિયાનો કોઈ જ ડૉકટર આપી શકે તેમ નથી. જો ઇન્જેકશનથી જ તાકાત આવતી હોત તો મડદાં કેમ ઊભાં થતાં નથી?

ચૈતન્યનો પ્રવાહ ન હોય તો દવા ચૈતન્ય લાવી શકતું નથી. એ તો ફકત તમારી તંદુરસ્તી, તમારા ચૈતન્યના પ્રવાહને રોકનાર કારણને દૂર કરે છે અને તમારું જ તમને પાછું અપાવે છે.

કોર્ટ કે વકીલ તમને નવી સંપત્તિ નથી આપતા પણ તમારી રોકાઇ ગયેલી સંપત્તિને પાછી અપાવે છે.

ગુરુ જે હોય છે તે જ અપાવે છે. ન હોય તે કયાંથી અપાવે? કોઇ પણ ગુરુ તમારામાં ભવિતવ્યતા ન હોય તો મોક્ષ કયાંથી અપાવે?

ગુરુ શું કરે? તમારી ઓળખાણ અપાવે, પિછાન કરાવે. જે ઘડીથી તમને ભાન થયું, પિછાન થઈ પછી તમે જૂદા. જ્યાં ભેદ જ્ઞાન થયું ત્યાં સ્વરૂપ બદલાઈ ગયું.

પછી અંદર જે પ્રવાહ વહે છે એ દેહનો, નામનો, વસ્તુઓનો નહિ પણ ચૈતન્યનો.

આ ચૈતન્યનો પ્રવાહ જાણવા ગુરુ પાસે ગયેલા સાધકને ગુરુએ કહ્યું: 'તમારે થોડી પ્રતીક્ષા કરવી પડશે.' સાધકે કહ્યું: 'થોડી શું કહો તો જન્મોજન્મ પ્રતીક્ષા કરું.'

રાજકુમાર અને નગરશેઠ ઉતાવળા હતા: બીજીવાર સમય મળશે ત્યારે આવીશું કહી ચાલતા થયા.

સમાજમાં પણ આમ જ થતું દેખાય છે. લોકો પસાર થતાં હોય, નવરા પડે, વચ્ચે ઉપાશ્રય આવતો હોય તો સાધુ પાસે ચઢી આવે. અને એવા સાધુ પણ એમને માટે નવરા જ બેઠા હોય. વાટ જ જોતા હોય. કહે: 'અમે નવરા, તમે નવરા, તમે મારી પ્રસિદ્ધિ કરજો, ગુણગાન ગાજો અને હું તમને ઉત્તમ શ્રાવક કહ્યા કરીશ. આપણો ધંધો ઠીક ચાલ્યા કરશે.'

ધર્મ એ નવરાશની વસ્તુ નથી. પણ જીવનની જાગૃતિભરી પ્રતીક્ષા છે.

એના વિના નહિ રહેવાય, એ નહિ આવે તો સમગ્ર જીવન વ્યર્થ જશે, એ હજુ તમને અનિવાર્ય (indispensable) છે એવું લાગ્યું નથી.

એની કિંમત સમજાઇ નથી. કેટલીક વસ્તુ વિના રહેવાય જ નહિ. જો અફીણિયો અફીણવિના રહી ન શકે, શરાબી શરાબ વિના રહી ન શકે તો સાધક જાગૃતિના પ્રકાશ વિના કેમ રહી શકે?

આ જ મૂલ્યવાન છે, આ જ કામનું છે, એવું સુષુપ્ત મન (sub-conscious)માં પણ બેસવું જોઇએ. આ બહારની નહિ, અંદરની સમજણ છે.

તમે રસ્તામાં જતા હો, મહત્ત્વની વાતોમાં મગ્ન હો, હાથમાં દૂધની તપેલી હોય પણ સામેથી પથરો આવે તો તમારો હાથ તરત ઉપર જ જવાનો ને? એ વખતે તમને કોઇએ ચેતવ્યા નથી પણ તમારા સુષુપ્ત મનમાં sub-conscious માં આ વાત ઘર કરી બેઠી છે કે માથે ઈજા થશે તો મને ભયંકર નુકશાન થશે. દૂધ જાય તો જવા દો પણ માથું બચાવી લેવાના. કારણ કે દૂધ કરતાં તમારું માથું અને તમારી આંખ તમને વધારે કિંમતી લાગે છે.

જે વસ્તુ સુષુપ્તમનમાં sub-consciousમાં ઘર કરી જાય, એના સિવાય બીજું કાંઈ કિંમતી લાગે જ નહિ.

આત્માની વાત તમારા sub-consciousમાં ઊતરી નથી. એની કિંમત સમજાવી જોઇએ તે સમજાઈ નથી. એમ કદી થયું છે કે આનાથી વધારે કિંમતી શું હોઇ શકે?

બગદાદનો એક ધનાઢ્ય બે ઊંટ લઇને નીકળ્યો. એક ઉપર મોતી લાદેલાં, બીજા ઉપર માલિક પોતે બેઠો અને સાથે મોટો કાફલો હતો. ઢાળ આવતાં આગળનો ઊંટ લપસ્યો અને બધા મોતી વેરાઇ ગયાં. માલિકે કહ્યુંઃ 'જે કોઇ મોતી વીણશે એને એ બક્ષીશ આપવામાં આવશે.'

બધા મોતી વીણવા લાગ્યા. એટલામાં બીજો ઊંટ લપસ્યો. તરત જ એનો કદરૂપો ગુલામ માલિકને બચાવવા દોડયો અને એમને પડતા ઝીલી લીધા. થોડીવારે બીજા બધા મોતી લઈને આવ્યા.

માલિકે એમને કહ્યુંઃ 'તમને જેટલાં મોતી મળ્યાં તે બધા તમારાં.'

પછી પેલા કદરૂપા ગુલામ તરફ વળીને પૂછ્યુંઃ 'તારાં મોતી કયાં છે?' 'માલિક, મારું અમૂલ્ય મોતી આપ છો. આપને નુકશાન થતું હોય તો આ વેરાયેલા મોતી વીણીને શું કરું? બીજાં મોતી જાય તો ભલે જતા પણ આપને સમાલી લેવા એ જ મોટી વાત છે.' તે દિવસથી ધનાઢયે આ કદરૂપાને સંપત્તિનો વારસદાર અને માલિક બનાવ્યો.

ઘણાખરાને દુનિયાનાં મોતી જ જોઇએ છે, પરમાત્મમોતી કોણ ઇચ્છે છે?

કોઇ નામ માગે છે, તો કોઇ પદવી માગે છે, કોઇ ડિગ્રી માગે છે, તો કોઈ ધન માગે છે, પણ મારે તો માત્ર ભગવાન જોઇએ, બીજું કાંઈ નહિ એમ કહેનાર કોણ?

એની અહિંસા, એનો અનેકાન્ત, એનું નામ–એના સિવાય કાંઇ નહિ. આવી તમન્ના, આવી ઝંખના જાગે તો જે ભગવાનનું છે તે તમારું થઇ જાય.

પણ તમારે તો ડિગ્રી જોઇએ, પદવી જોઈએ.

કોઇને ઉપાધ્યાય થવું છે તો કોઈને આચાર્ય થવું છે, કોઈને નગરશેઠ બનવું છે તો કોઈને જે. પી બનવું છે. હા, આ બધું મળશે પણ ભગવાન નહિ મળે, પરમાત્મા નહિ મળે. કારણ કે એની કિંમત બધી વસ્તુ કરતાં તમને વધારે લાગી નથી.

ભગવાનની કિંમત આન્તર્મનમાં sub-consciousમાં ઉતરી જાય પછી રાત્રે કે દિવસે ઊંઘતા કે ઊઠતા મોઢામાંથી એક જ શબ્દ નીકળે "હે વીતરાગ!"

અણધારી આપત્તિનો ઘા વાગે કે ઠોકર ખાઇને ગબડી જવાય પણ મોઢામાં તો વીતરાગ જ આવે.

જ્યારે એમ થાય કે ભલે બધા સ્વજન કહેવાય પણ અન્તરતમ સ્વજન તો વીતરાગ એ જ મારો સાચો સ્વજન છે.

પરમાત્માની બધી સંપત્તિના માલિક તમારે થવું છે?

એ કયારે બને? એની બરાબરીમાં બીજું કંઈ મહત્વનું ન લાગે ત્યારે.

ધીરજ એ આધ્યાત્મિકતાનું પ્રથમ પગથિયું છે.

તમને બધામાં ઉતાવળ. વાસક્ષેપ નંખાવી માથું પીળું થયું પણ હજી મારો નંબર લોટરીમાં કેમ લાગતો નથી? આટલાં બધાં વિવિધ પૂજન કર્યાં પણ હજી પૈસાનો લાભ કેમ થતો નથી? ધર્મમાં કાંઈ માલ નથી, બધું કર્યું પણ કાંઇ ન વળ્યું.

વાળવું હતું ક્યાં? બહાર કે અંદર? ધર્મથી બહારની નહિ, પહેલાં આન્તરિક સંપત્તિ વધે. અંદર એક જુદો જ ફેરફાર થાય છે. પ્રેમનો સ્રોત વહેવા લાગે છે. વિશ્વનું ભલું મનમાં વસે છે. ધર્મથી વિચારોમાં નમ્ર છતાં ગૌરવભર્યું પરિવર્તન આવે છે.

જેને ધર્મને માર્ગે જવું છે તેણે પહેલાં ધીરજ કેળવવાની છે.

'વાંધો નહિ, એક નહિ, હજાર ભવ પછી પણ પ્રભુ! તારા ચરણોમાં આવવાનો અવસર મળતો હોય તો હજાર ભવ આપવા પણ હું તૈયાર છું.'

એક દેવ ભગવાન શ્રીમંધર પાસે જવા નીકળ્યા. માર્ગમાં એક સાધુ મળ્યા, પૂછ્યું: 'ભગવાન પાસે જાઓ છો? તો પૂછતા આવજો કે કેટલા ભવે મારો મોક્ષ થશે.'

બાજુમાં બેઠેલા મસ્ત આદમીએ કહ્યું: 'દેવ-રાજ! જાઓ છો તો મારું પણ પૂછતા આવજો.'

દેવરાજ પાછા વળ્યા. સાધુ વાટ જોઈને જ બેઠા હતા. દેવે સાધુને કહ્યું: 'તમારું કલ્યાણ પચાસ જન્મ પછી થશે.'

'હેં? આટલાં ઉપવાસ કર્યા, આટલાં વ્યાખ્યાન દીધાં, આટલાં મંદિરો બંધાવ્યાં, આટલાં પૂજનોનો ગોર બન્યો તો પણ પચાસ જન્મ પછી? આ ક્યાંનો ન્યાય?'

ત્યાં દેવની દૃષ્ટિ પેલા મસ્ત માનવ ઉપર પડી. કહ્યું: 'આ આંબલીના ઝાડ ઉપર જેટલાં ઝીણાં પાન છે એટલા જન્મ પછી તમારું મિલન સિદ્ધોથી થવાનું.'

'એટલા જન્મ પછી પણ મારું મિલન થવાનું? વાહ ભાઈ વાહ! નક્કી તો થઈ ગયું. એટલા જન્મે પણ ભેટો તો થવાનો!' એ તો નાચવા લાગ્યો.

આ ધીરજ, આ patience, આ પ્રતીક્ષા એ ભગવાનનો માર્ગ છે.

તમે ઘરમાં, દુકાનમાં, સંસારમાં જ્યાં છો ત્યાં ધીરજ રાખો.

કોઈ ગુસ્સો કરે તો કહો: 'બસ ઊભરો આવી ગયો! હવે કાંઈ બીજું કહેવાનું બાકી છે?' તપેલાને ઠંડો થવા દો. તમે સામા તપો નહિ. ધીરજ રાખો.

ધીરજ એટલે અહીંથી ઠેઠ મોક્ષ સુધીનો રાજમાર્ગ. જેને દરેક બાબતમાં આવેશ, ઉશ્કેરાટ અને ઉતાવળ છે તે અવળે માર્ગે ચઢ્યો છે.

બોલે એને બોલવા દો. દૂધ ઊભરાઈ ઊભરાઈને કેટલું ઊભરાય? તપેલી ખાલી થાય ત્યાં સુધી.

તમારા ઘરને સ્વર્ગ બનાવવા, તમારા સંસારને મીઠો બનાવવા, તમારા રસોડાને અન્નપૂર્ણાનું ધામ બનાવવા ધીરજને જીવનમાં લાવો. જીવનમાં જેટલી ધીરજ રાખશો એટલા પ્રમાણમાં આધ્યાત્મિકતાની નિકટ આવશો.

જો ધીરજ નથી તો તીર્થે વ્યર્થ આંટા મારો છો. વાત વાતમાં આવેશ અને ઉશ્કેરાટ આવે, ક્રોધ જાગે, આ બધા ભાવો આધ્યાત્મિકતાના દુશ્મન છે.

સાધકની ધીરજ જુઓ! એ કહે: 'હું આ બેઠો. હું અહીંથી હવે ખસવાનો નથી.'

આમ જ એક મહિનો વીત્યો. પછી ગુરુએ એને બોલાવ્યો. આ એક મહિનો પ્રભુની પ્રતીક્ષામાં એણે એના અંતરને મીણની જેમ ગાળી નાખ્યું હતું, કોમળ કરી નાખ્યું હતું. અંતર ઓગળે તો જ બીબું પડે ને?

તમારે અંતરમાં વીતરાગની છાપ બેસાડવી છે અને અંતરને ઓગળવું નથી. એ કેમ ચાલે?

વસ્તુની કે પછી વ્યક્તિની છાપ પાડવી હોય તો અંતરને ઓગાળવું જ પડે.

નિર્ણય કરો કે આજથી મારે કડવાં વચન ન બોલવાં. જુઓ, શું હવા ઊભી થાય છે.

મોઢામાં કડવો શબ્દ આવે તો સો ખમાસણાં લગાવો. શુદ્ધિ આવતાં ખ્યાલ આવશે કે આ કડવાશ મારા શબ્દોમાં શાને ?

આ થોડા વર્ષોની મુસાફરીમાં શા માટે કડવાશ ઊભી કરવી ?

તમારું જીવન મૈત્રીમય હોય તો જ્યાં જાઓ ત્યાં બહાર સર્જાય.

એ ન ભૂલશો. મૈત્રી નહિ આવે તો વેર આવવાનું.

વિજ્ઞાનનો આ નિયમ છે. આ દુનિયામાં ખાલી Vaccum કદી રહેતું નથી. બાટલીમાં દૂધ ભરો. પણ દૂધ કાઢતાં અંદર હવા ભરાઈ જાય છે. આ હવાને કાઢવા, મશીનનાં સાધનનો ઉપયોગ કરવો પડે છે.

જેમ દુનિયામાં Vaccum રહેતું નથી એમ હૃદયમાં પણ (Vaccum) ખાલીપણું રહેતું નથી. મૈત્રી લાવો નહિ તો વેર આવશે, પ્રેમ લાવો નહિ તો દ્વેષ આવશે, જગતના કલ્યાણની ભાવના લાવો નહિ તો ખરાબ કરવાની ભાવના આવશે.

બાટલીમાં હવા હોય પણ પાણી નાખો તો હવા ભાગી જાય. એમ જીવનમાં મૈત્રી ભરો તો દ્વેષ ભાગી જાય.

ધર્મ વિજ્ઞાનનો વિરોધી નથી, પણ મિત્ર છે. જ્યારે અંદર મૈત્રી, ક્ષમા, પ્રેમ, અહિંસા ભરશો તો દ્વેષ, ધિક્કાર, હિંસાને બહાર નીકળે-જ છૂટકો.

સાધકમાં ધીરજ જોઈએ. સદ્‌ગુણો લાવવાની ધીરજ છે તો દુર્ગુણો નીકળી જવાના.

ગુરુએ કહ્યું: 'જા, દૂધથી ભરેલો પ્યાલો લઈ આવ.'

દૂધનો પ્યાલો લાવ્યો એટલે ગુરુએ કહ્યું: 'હવે આમાંથી માખણ કાઢી આપ.'

શિષ્યે કહ્યું: 'એ કેમ બને ? દૂધમાંથી માખણ ?'

ગુરુએ કહ્યું: 'હા, દૂધમાંથી માખણ. જો પહેલાં દૂધને ગરમ કરવું પડે, પછી ટાઢું કરવું પડે, પછી મેળવણ નાખવું પડે, પછી જામવા દેવું પડે, એ પછી વલોણું કરવું પડે. તો જ દૂધમાંથી માખણ નીકળે.'

'ઓહો ! આટલી બધી ક્રિયા ?' 'હા, જેમ દૂધમાંથી માખણ કાઢવા આટલી મહેનત લાગે'. એમ દેહમાં આત્મા શોધવા આટલી મહેનત લાગે'

પહેલાં તિતિક્ષામાં શરીર, મન અને ઇન્દ્રિયોને પસાર થવા દો. પ્રભુની તિતિક્ષા કરવી એ પણ સહનશીલતા જ છે ને ?

પછી ઇંદ્રિયોને શાંત કરો. જ્યાં ઇન્દ્રિયો શાંત થઈ ગઈ પછી જ્ઞાનનું, પરમાત્માના વચનોનું મેળવણ નાખો.

પરમાત્માનું મેળવણ નાખી શાંત થઈ જાઓ. હવે દૂધને જામવા દો.

ટેવ પાડો. રોજ કહો: હું શાંત છું. પ્રભુ ! તારા સાન્નિધ્યમાં પરમ શાંત છું. હે વીતરાગ ! હું તારો અનુભવ કરી રહ્યો છું. ધીમે ધીમે આ ભાવ તમારા અણુઅણુમાં પ્રસરતો જશે. આટલા વર્ષોમાં જે અનુભવ નહોતો કર્યો એ હવે અંદર અનુભવાશે.

પછી બહાર નહિ અંદરની પ્રક્રિયા (process) શરુ થશે, અંદર મંથન જાગશે, અંતરને સ્વચ્છ કરવાની ક્રિયા વેગ પકડશે.

શ્રાવકોને ભગવાનની પ્રતિમાને વાળાકૂંચીથી જોરથી ઘસતા જોઉં છું ત્યારે કદીક પૂછું: 'આ શું કરો છો ?'

કહે: 'ભગવાનને સાફ કરું છું.'

'તું ભગવાનને સાફ કરે તેના કરતાં તારા અંતરને સાફ કરે તો કેવું સારું ?'

અંતરને સ્વચ્છ કરવા તો બહુ કરવું પડે. જે ક્રિયા બહાર કરતાં હતાં તે હવે અંદર કરવાની છે. અણુઅણુમાં પ્રભુનું મેળવણ જામવા

હેવાનું છે. એ માટે ઠરવું પડે, શાન્ત થવું પડે.

દૂધનું દહીં થાય ત્યારે એનો સ્વભાવ બદલાઈ જાય, એની પાચન કરવાની શકિત digestive capacity પણ બદલાઈ જાય.

દૂધથી કયારેક ઝાડા થાય પણ દહીં જલદી પચી જાય છે, ખરું ને ?

તમે ભગવાન પાસે આટલાં આટલાં વર્ષોથી જાઓ છો, તમારામાં શું ફેરફાર થયો ? તમારા સ્વભાવમાં, તમારી ભાષામાં, તમારા વર્તનમાં, તમારા વિચારોમાં.

જેમ મિંયા મસ્જિદમાં જાય, વૈષ્ણવ હવેલીમાં જાય, ખ્રિસ્તી ચર્ચમાં જાય, શિખ ગુરુદ્વારમાં જાય તેમ તું દેરાસરમાં જાય, એથી તારામાં શું ફેરફાર થયો ? તારી પ્રકૃતિમાં પરિવર્તન શું આવ્યું ?

પ્રકૃતિમાં પલટો એનું નામ ધર્મ, આત્માનો ધર્મ, આધ્યાત્મિકતાનો પ્રવેશ.

આ ધર્મ ઉપરથી મળે તેવો સસ્તો નથી. એવું જ જો હોત તો આજસુધીમાં કેટલાયે ખરીદી લીધો હોત. આ તો એક જાગૃતિ પૂર્ણ અવસ્થા છે.

ધર્મ એ ચેતના છે, વિચારોનો પલટો છે, પ્રકૃતિમાં પરિવર્તન છે. હવે વલોણું કરવાનું છે.

અંતરમાં રાતદિવસ ચિંતન ચાલે, મનન અને મંથન ચાલે. આવી ભાવમય જાગૃત અવસ્થામાં હું કોણ છું એ જ્ઞાનનો ઉદય થાય.

શિષ્યે કહ્યું : 'પ્રભો ! તમારી વાણી મને સ્પર્શી છે. આત્માની ઓળખ માટે હું આવ્યો હતો. હવે એને પામવા આપના આશીર્વાદથી જ હું આ પંથે જ સંચરું છું.'

'આ ઓળખ હું આ જીવનની અંદર, આ દેહની અંદર વલોણું કરીને પણ કરવાનો.'

જ્યાં આ ઓળખ થઇ પછી કાંઈ સ્પર્શતું નથી, કાંઇ માંગવાનું નથી, કાંઇ લેવાનું પણ નથી. એ તૃપ્તિની પૂર્ણ ભૂમિકામાં બિરાજે છે.

તમને સહુને આ અનુભૂતિ સ્પર્શે એવી શુભેચ્છા.

## ઘણું છોડી, થોડું લીધું !

અનેક મનહર કુસુમલતાઓથી વ્યાપ્ત, વિવિધ પુષ્પોની સૌરભથી મહેકતા, વૃક્ષોની ગાઢ છાયાથી છવાયેલા કોયલના મધુર કલરવથી કૂજિત મધુવનમાં, એક સુંદર આસોપાલવના ઝાડ નીચે એક તરુણવયના તેજસ્વી ત્યાગી સમાધિમાં બેઠેલા શોભી રહ્યા છે.

નયનોને વસન્તની વનરાજીનું અમૃતપાન કરાવવા ગુર્જરેશ્વર મધુવન ભણી વિહાર કરી રહ્યા છે !

આસોપાલવના વૃક્ષ નીચે બેઠેલા તરુણ ત્યાગીને જોઈ, ગુર્જરેશ્વર વિચારે છે :

'અહો કેવું સૌન્દર્ય ! શું રૂપ ! અહો ! આનંદથી ઊભરાતી કેવી ભવ્ય આકૃતિ ! આવા નવયૌવનમાં પણ કેવી પૌદ્‌ગલિક પદાર્થો પ્રત્યેની ઉપેક્ષા ! ધન્ય છે આવા ત્યાગીઓને !'

આમ ગર્વિતના ગૌરવને ગાળનાર એ ઓજસ્વી ત્યાગીના ત્યાગની છબી ગુર્જરેશ્વરના માનસ પટ પર મુદ્રાલેખની જેમ કોતરાઈ ગઇ !

ત્યાગની ફરતી ત્રણ પ્રદક્ષિણા દઇ, યોગીના ચરણોમાં નમસ્કાર કરી ગુર્જરેશ્વર પ્રસન્નમુખે યોગીના સન્મુખ ઊભા રહ્યા.

સમયજ્ઞ મુનિએ, રાજાને પ્રતિબોધ કરવાનો ઉચિત સમય જાણી, રાજાને નમ્રતાપૂર્વક પુનઃ પુનઃ વંદન કર્યું !

આ બનાવથી રાજા સાશ્ચર્ય વિચારવા લાગ્યા: આ શું ? હું ત્યાગીને નમન કરું તે તો ઉચિત છે, કારણ કે હું ગૃહસ્થ છું, સંસારના ભોગોનો ભોગી છું, દુન્યવી પદાર્થો પ્રત્યે આસકિતવાળો છું, મોહપાશમાં જકડાયેલો છું, પણ આપ તો ત્યાગી ! સંસારના ભોગોને લાત મારનાર ! દુન્યવી પદાર્થોમાં અનાસકત ! મોહને મહાત કરનાર ! ત્યાગી મને શા માટે નમસ્કાર કરે ?

બે હાથ જોડી રાજાએ સવિનય પૂછ્યું :

"યોગીશ્વર ! આપે મને નમન કર્યું, તે શું ઉચિત છે ?"

પ્રશ્નના ઉત્તરમાં મુનિએ પૂછ્યું : "રાજન ! તો તમે મને શા માટે નમન કર્યું ?"

મુંઝવી નાખનાર આ પ્રશ્નનો ઉત્તર, વિવેક-પુરઃસર આપતાં તેણે કહ્યું :

"આપ જિતેન્દ્રિય છો, વૈભવ–વિલાસથી વિરકત છો, અને ત્યાગી છો; તેથી મેં આપને વન્દન કર્યું."

મધુર સ્મિત-પુષ્પોને વર્ષાવતા મુનિવર બોલ્યા:

"રાજન ! હું ત્યાગી છું, તેથી અધિક ત્યાગી તો તમે છો; અને તેથી જ મેં તમને નમન કર્યું."

મુનિના આ ગૂઢ ઉત્તરથી રાજાના હૈયામાં મૂંઝવણ વધી. હજારોને મહાત કરનાર આ રણબંકો. એક ત્યાગી પાસે નાચીજ બની ગયો ! વિદ્વાનોના અણુ–ઉકલેલા કોયડાને ઉકેલનાર રાજા, મુનિના આ એક પ્રશ્નને ન ઉકેલી શક્યો !

વિનીતભાવે રાજાએ પૂછ્યું : "સંયમિન્ ! આધિ, વ્યાધિ અને ઉપાધિના ખરાબામાં પડેલો હું તો એક પામર જંતુ છું; રાજ્યની અનેક કાવાદાવાની જંજીરમાં જકડાએલો હું તો એક ભીરુ કેદી છું; મોહની જાળમાં પડેલો હું તો એક અજ્ઞાની મૃગલો છું; હું કઇ રીતે ત્યાગી હોઇ શકું ?"

ગુર્જરેશ્વરના વિચાર–સાગરને શાન્ત કરવા મુનિવર બોલ્યા :

"નરપતિ ! અખંડિત સુખને આપનાર દર્શન, જ્ઞાન અને ચારિત્ર આગળ આ દુનિયાનું સુખ શા હિસાબમાં છે ? અલૌકિક આત્મરમણતા આગળ, આ લૌકિક પદાર્થોની શી કિંમત છે ? સાચા આત્મિક સામ્રાજ્ય આગળ, તમારા આ રાજ્યનું મૂલ્યાંકન કેટલું થઇ શકે ? કેવળ ત્રણ બદામ ! હવે તમે વિચારો. મેં તો આ અપૂર્વ સામ્રાજ્ય મેળવવા માટે આ નાચીજ ત્રણ બદામની કિમ્મતનું રાજ્ય છોડયું. એટલે, અલ્પ છોડીને મેં અનલ્પ મેળવ્યું; થોડું ત્યજી ઘણું મેળવ્યું. આથી હું તો અધૂરો ત્યાગી છું, પણ ખરા ત્યાગી અને સંતોષી તો તમે જ છો ! કારણ કે જે કરોડો રૂપિયા આપતાં પણ ન મળે, જે ચક્રવર્તીનું વિશાળ સામ્રાજ્ય આપતાં પણ ન મેળવી શકાય, જે અનન્ત-સંસારના ચક્રમાં પરિભ્રમણ કરતાં પણ પ્રાપ્ત ન થાય, તે દુર્લભ મોક્ષ–સામ્રાજ્યને છોડી, તમે ત્રણ બદામનું તુચ્છ રાજ્ય સ્વીકાર્યું છે.

"ઘણું છોડીને તમે થોડું સ્વીકાર્યું છે. તમે તો સાચો હીરો છોડી, કાચને સ્વીકાર્યો છે. માટે બોલો, આપણા બેમાં અધિક ત્યાગી હું કે તમે ? મને તમારો ત્યાગ અધિક લાગે છે; તેથી જ અધિક ત્યાગી એવા તમને મેં નમન કર્યું."

મુનિના વિનોદભર્યા નમનમાં રહેલા ગૂઢ રહસ્યને સમજી, પ્રસન્ન બનેલા ગુર્જરેશ્વર બે હાથ જોડી બોલ્યા:

"સંયમિન્ ! આપે મને સંસારના તુચ્છ પૌદ્ગલિક પદાર્થોનું ખરું ભાન આજે કરાવ્યું છે ! મોહમાં મુગ્ધ બનેલા મને, આપે સાચો પંથ બતાવ્યો છે; અજ્ઞાન અટવીમાં અટૂલા પરિભ્રમણ કરતાં મને, આપે જ્ઞાન–નગરમાં પહોંચાડયો છે; આપનો આ અમોઘ ઉપદેશ અને ઉપકાર હું કદી નહિ ભૂલું."

"આપે આપનો માનવભવ સફળ કર્યો છે, અને આપનાં રૂપ–સૌંદર્ય ને પ્રભાવ સાર્થક કર્યાં છે. ધન્ય છે આપને અને ધન્ય છે આપના સન્માર્ગને !"

"હે મહા ભાગ્યશાળી ! આપના ધ્યાનમાં મેં ભંગ પાડ્યો તેથી પુનઃ પુનઃ હું ક્ષમા યાચું છું."

આમ, એ ત્યાગી યોગીના ઉપદેશ–અમૃતના મીઠડા ઘૂંટડાનો આસ્વાદ કરતો ગુર્જરેશ્વર, પોતાના સ્થાનભણી ગયો !

મુનિ પણ સુરભિભર્યા પવનની જેમ ધરાતલ પર વિચરવા લાગ્યા.

# ✿ પ્રવાસીને પ્રકાશ ✿



જાપાનના શ્રી તત્સુમારુ સુજીયામાને આર્શીવાદ આપતાં પૂ. ગુરુદેવ.

આજે વિશ્વમાં tension તાણુ વધતું જાય છે, કઇ ઘડીએ વિશ્વયુદ્ધ ફાટી નીકળશે તેનો ડર તો રહે જ છે. ત્યારે અહિંસાની માત્ર વાતોથી નહિ પણ એનું આચરણ જ શાંતિનો પ્રકાશ પાથરી શકે. જૈન ધર્મ અને જૈનોનું જીવન ઘણાને આશાસ્પદ લાગે છે.

શાંતિના ચાહક અને યુનોને શાન્તિ પરિપત્ર પાઠવનાર જાપાનના શ્રી તત્સુમારુ સુજીયામા (Tatsumaru Sugiyama) શાંતિ વિશ્વમાં કેમ પ્રસરે તે વિષે વધુ જાણવા ઘૂમતા ઘૂમતા પૂ. ગુરુદેવ પાસે થાણા આવ્યા. અહીં એમને લાવનારાં, ડૉ. કે. યુ. શાહનાં પત્ની વીણાબહેન હતા. અનેક પ્રશ્નો પૂછાયા, ઉત્તર પણ મળતા ગયા. એકનો ઉત્તર આપતાં પૂ. શ્રીએ જણાવ્યું:

"જૈન ધર્મ અહિંસાને પ્રધાન સ્થાન આપે છે તે માત્ર વિચારોમાં જ નહિ, આચારમાં પણ. અને તેથી જ જૈનોના રોજના જીવનમાં પણ એ દેખાઇ આવે છે.

"અમિષને બદલે ફળાહાર અને શાકાહાર પર ભાર આપવામાં આવે છે તેનું કારણ પણ એ જ છે કે આહાર વિહારમાં પણ અહિંસક બનવું. માંસ નહિ ખાનાર જલદી હિંસામાં નહિ ઊતરે અને એમ થશે તો જ માનવસંહાર અટકશે, કેમકે જે એક પશુની હિંસા પણ જોઇ શકતો નથી તે માનવોની હિંસા તો કેમ જ કરી શકે? આ રીતે શાકાહાર ધરતી પરથી યુદ્ધ નિવારવામાં અત્યંત સહાયક બનશે. બૌદ્ધધર્મ સરસ છે પણ ત્યાં માંસાહારની છૂટ હોવાથી મોઢામાં અહિંસા રહે પણ હિંસકવૃત્તિ તો પેટમાં માંસ સાથે પહોંચી જ ગઇ હોય છે. એટલે તે પછી આચરણમાં કેમ નહિ આવે?

"અને તમે તમારા અનુભવથી જોયું હશે કે પશુઓની હિંસામાંથી જ માનવની હિંસા પ્રગટી છે. હિંસામાંથી હિંસાનો જન્મ થાય છે ત્યારે હીરોશીમા અને નાગાસાકી જેવા સંહારો સર્જાય છે." પૂ. ગુરુદેવ માને છે કે આવા ઉચ્ચ રાજકારણીઓનાં મનમાં આજ વાવેલ કરુણાના બીજ આવતી કાલે જરૂર વૃક્ષ બનશે.

---

## 卐 મૃત્યુ 卐

મૃત્યુ! પ્યારા મૃત્યુ! તારી ભવ્યતા તો ભવ્ય કરતાં પણ ભવ્ય છે! જે વાચાથી પર છે ને આત્માથી અભિન્ન છે!

તું ક્ષુદ્ર માનવીને ભવ્ય બનાવે છે, ને ભવ્ય માનવીને ક્ષુદ્ર પણ બનાવી મૂકે છે! આ તારી કેવી ભવ્યતા!

તારાથી જે ભડકે છે તે ભવ્ય માનવ હોય તો પણ ક્ષુદ્ર માનવ બની જાય છે; અને તને જે પ્રકાશની જેમ હસતે મુખે ભેટે છે તે ક્ષુદ્ર માનવ હોય તો પણ મહામાનવ બની જાય છે.

પ્યારા મૃત્યુ! હું તારા પ્રેમભર્યા મિલનની વાટ જોતો એટલા માટે જ વિચરું છું કે, હવે તારા મિલન પછી બીજાં ઘણાં મિલન થવાનાં નથી, આ અને કદાચ આ પછીનું એક અધિક મિલન મને અમર બનાવનારું છે, જ્યોતિના પુંજને પમાડનારું છે, અનંત આનંદના સાગરમાં નિમજ્જન કરાવનારું છે!

વૈભવથી છલકાતા મહાલયમાં વસતા કોઈ માનવીને તારું નામ કદાચ હાડ ધ્રુજાવે એવી કંપારી પણ છોડાવે; કારણ કે એને મહાલયમાંથી ઝૂંપડીમાં જવાનું છે, પ્રકાશમાંથી અંધકારમાં જવાનું છે; પણ મારે? મારે તેમ નથી.

મારે તો ઝૂંપડીમાંથી નીકળીને અનંત પ્રકાશથી ઝળહળતી સિદ્ધશિલા પર જવાનું છે. અંધકારમાંથી પ્રકાશમાં ને અજ્ઞાનમાંથી જ્ઞાનમાં જવાનું છે! માટેજ તો તારાં આગમનનાં પગલાં મારા મનોમંદિરમાં સંભળાય છે, ત્યારે મારામાં યુવાનીનો અદમ્ય જુસ્સો આવી જાય છે!

વહાલા મૃત્યુ! તું તો મારી નૌકા છે. સામે કિનારે બેઠેલા મારા મિત્રોને મારે મળવું છે. તારા વિના મને ત્યાં કોણ લઇ જાય?

પાવાપુરીમાં તું જ ભગવાન વર્ધમાનને ભેટયું હતું ખરું ને! એ મહામાનવને ભેટીને તેં જ એમને અમર બનાવ્યા હતા ખરું ને?

પ્યારા! બોલ તો જરા, એ જ રીતે તું મને કયારે અને કયાં ભેટીશ?

એ મધુર સુપળ કેટલી સુખદ હશે!

'સૌરભ'માંથી : ચિત્રભાનુ

નિર્મળ ચારિત્ર એ ગુલાબનું અત્તર છે. એ તમારી પાસે હશે તો એ જેમ તમને આનંદ આપશે, તેમ તમારી નિકટમાં વસતા માનવોને પણ સુવાસ આપશે.

– "સૌરભ"માંથી
'ચિત્રભાનુ'

Spotless character is like The perfume of a rose. If you passess it, it will suffuse its fragrance among people dwelling in your vicinity, as it will egually delight your soul.

from : **Lotus Bloom**
by : **Chitrabhanu**


ગ્રાન્ડ ક્લીયરન્સ સેલ

એક્સ્પોર્ટ ક્વોલીટીનાં

ફર્નીશીંગ્સ અને ગાર્મેન્ટસનું

પડદાનું કપડું – સોફા કવર વગેરે

સ્પેશીયલ ડીસ્કાઉન્ટ : ૫% થી ૩૦%

કાપડના ટુકડાઓ • ડ્રેસીસ • લુંગીઝ • સાડીઓ • હેન્ડ બેગ્સ • સુટ-કેસીસ
શુઝ અને ચપ્પલ્સ • ડોલ્સ • ઝરી પીસીસ • લેમ્પ શેડસ • વોલ-હેન્ગીંગ્સ

Gif

તા. ૨૧મી ડિસેમ્બરથી ૭મી જાન્યુઆરી '૭૧ સુધી
સવારે ૧૦ ક. થી રાત્રે ૮ ક. સુધી

ગ્લોબ ઈન્ટરનેશનલ ફેબ્રીક્સ

૬૭, હ્યુજીસ રોડ, મુંબઈ – ૭ • ફોન : ૩૫ ૭૩ ૩૦

## ગંગા યમુના

સંપ્રદાય સમાજ માટે છે, સાધુ માટે નહિ. સાધુ તો ગંગાના નીર સમા છે. એ તો વહેતા જાય અને પાવન કરતા જાય.

પૂ. ગુરુદેવ પ્રભાતના સમયે કુદરતને ખોળે ચાલી નીકળ્યા અને સંદીપની આશ્રમે આવી પહોંચ્યા. નૈસર્ગિક વાતાવરણમાં આવેલ આશ્રમ જોયો ન જોયો ત્યાં સ્વામી ચિન્મયાનંદની મુલા-કાત થઇ. એકબીજાએ સ્મિતથી સ્વાગત કર્યાં. તે પછી ચોથે દિવસે સ્વામી ચિન્મયાનન્દજી પવાઇ "સૌરભ" બંગલામાં પધાર્યા જ્યાં પૂ. ગુરુદેવ બિરાજતા હતા અને બે સંતો વચ્ચે વિચારોની વધુ આપ-લે થઇ.

ચિન્તન અને સંતનું સમાજમાં કેટલું ઉચ્ચ સ્થાન છે એ પ્રશ્ન ઉપર પોતાના વિચારો વ્યકત કરતાં પૂ. ગુરુદેવે કહ્યું:

"આજે જ્યારે દેશની સામાજિક વૈચારિક પરંપરા છિન્નભિન્ન થઈ રહી છે અને ચારે બાજુ માનસિક અસ્વસ્થતાનું દર્શન થાય છે ત્યારે ચિન્તનનું માહાત્મ્ય વધી જાય છે. ચિન્તક જે કહે છે તે નિઃસ્વાર્થ ભાવે કહે છે, એ હૃદયના ઊંડાણમાંથી વહાવે છે. એટલે જ એ માણસના અંતરને હલાવી શકે, મનને જાગૃત કરી શકે અને જીવનમાં સાચો પ્રકાશ લાવી શકે. હજુ સમાજને સાધુસંતો ઉપર અખૂટ શ્રદ્ધા છે. એવા એ ધારે તો સમાજનું ઉત્થાન કરી એને ઊંચે લાવી શકે. માટે જ આજની પરિસ્થિતિમાં સાધુ વિચારોમાં તાજગી લાવે, નિરાશ હૃદયમાં આશાનો સંચાર કરે અને જીવનના ઉદ્દાતહેતુ તરફ માનવનું લક્ષ્ય ખેંચે; એ આવશ્યક છે. આ ભગિરથ કાર્ય કરવા માટે સાધુઓએ દેશ, કાળ અને સમયને સમજી કદાગ્ર છોડી વિશાળ હૃદયથી અને વિકસિત દૃષ્ટિથી કામ કરવું પડશે."

## વિહાર

પૂ. ગુરુદેવનું થાણામાં ચોમાસું પૂરું થવા આવતાં જ શ્રી મુલુન્ડ કચ્છી સંઘના આગેવાનોએ પૂ. શ્રીને મુલુન્ડ પધારવા વિનંતી કરી. પણ પૂ. શ્રી વિહારમાં હોવાથી બોમ્બે–આગ્રા રોડ ઉપર આવેલ રાલી બ્રધર્સ (Rally Bros.) ના પ્રાંગણમાં સોમવાર તા. ૧૬–૧૧–૭૦ સવારે સાત વાગે પૂ. શ્રીનું પ્રવચન ગોઠવાયું ત્યારે પૂ. સાધ્વીજીશ્રી હરખશ્રીજી અને તેમનાં બે ઠાણા તથા મુલુન્ડ સંઘના ટ્રસ્ટી શ્રી કાન્તિલાલભાઈ મુલુન્ડના નામાંકિત ગૃહસ્થો સાથે હાજર થયા. રાલી બ્રધર્સના મુખ્ય કાર્યકર્તા પણ પૂ. શ્રીના વિચારોને જાણવા ત્યાં પધાર્યાં.

ભકિત અને ભાવનું દર્શન વહેલી સવારે પ્રકૃતિના ખોળે થવાથી પૂ. શ્રીએ પ્રવચન આપતાં જણાવ્યું: તમને સૌને આ પ્રભાતે જોતાં મને આનંદ થાય છે. ચૈતન્ય સમૂહને જોતાં આ ચૈતન્યમાં આનન્દની ભરતી આવે છે. તમારા વિચારોમાં નવીનતા છે, કાર્યમાં આનંદ અને ઉલ્લાસ પણ છે. તમારા સૌમાં સંપ અને શાન્તિની હવા વધુ ફેલાશે તો તમારો સમૂહ અન્ય સંઘને પણ પ્રેરણા આપશે, અને માનવ મનનો અભ્યુદય થશે.

આ સમયે મુલુન્ડ સંઘના પ્રેરક અને પ્રાણ-સમાં શ્રી હરગોવિન્દભાઈની ખોટ ઘણાને લાગી. તેમના નેતૃત્વ નીચે જ મુલુન્ડ સંઘ સ્થપાયો, વિકાસ પામ્યો.

પ્રવચન બાદ મોદકની પ્રભાવના કરવામાં આવી.

---

પ્રિય, પથ્ય ને સત્ય બોલનાર તો વિશ્વમાં ભ૦ મહાવીરના જેવા કો'ક વિરલ જ હશે!

ચિત્રભાનુ

મુદ્રક, પ્રકાશક અને માનાર્હ સંપાદક શ્રી ચંદુલાલ ટી. શાહે, લિપિની પ્રિન્ટરી મુંબઈ નં. ૨ માં છપાવી, ડીવાઈન નોલેજ સોસાયટી (દિવ્ય જ્ઞાન સંઘ) માટે 'કવીન્સ વ્યૂ' ૨૮/૩૦, વાલકેશ્વર મુંબઇ નં. ૬ માંથી પ્રગટ કર્યું છે.